**<u>રે.દિ.મુ.નં.૨૩૨/૨૦૧૫</u>**

## :: આંક–૫ તથા આંક–૨૨ લગત હુકમ ::

(૧) હાલનો દાવો વાદીએ પોતાના સગા ભાઈ–બહેન સામે એટલે કે પ્રતિવાદી નં.૧ અને ૨ ની સામે વહેંચણનો અને કાયમી મનાઈ હુકમની માંગણી કરતો કરેલો છે. અને તેની સાથે હાલની મનાઈ અરજી રજુ કરેલી છે. અને જેમાં આ કામનાં પ્રતિવાદીઓએ વાદવાળી મિલકત કોઈને વેચે, વેચાવે નહીં કે કોઈ ટ્રાન્સફર કરે નહી કે કબજા બાબતે કોઈ વ્યવસ્થા કરે નહી તેમા પ્રતિવાદી નં.૧ કોઈ નવા વપરાશ કરનાર રાખે નહી તે બાબતે મનાઈ હુકમની માંગણી કરેલી છે. અને વાદીએ પોતાના દાવા સાથે નિશાની ૩/૧ થી ૩/૧૪ સુધીનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. દસ્તવેજી પુરાવા તથા દાવો તથા મનાઈ અરજી વંચાણે લીધી.

(૨) આ કામે પ્રતિવાદી નં.૧ એ આંક–૨૪ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલો છે તથા પ્રતિવાદી નં.૨ નાએ આંક–૨૮ થી પોતાનો જવાબ રજુ કરેલો છે. પ્રતિવાદી નં.૨ એ આંક–૧૮ થી દાવા અરજીનાં જવાબમાં જે કાઉન્ટર કલેઈમ કરેલો છે અને સાથે તેઓએ આંક–૨૨ થી કાઉન્ટર મનાઈ હુકમ પણ કરેલો છે. અને વાદીનાં દાવાને મહદ અંશે સમર્થન આપતી રજુઆત કરેલી છે.

(૩) આ કામે વાદી ધ્વારા આંક–૩૪ થી પોતાની લેખિત દલીલ રજુ કરેલી છે. અને તેની સાથે ચુકાદાઓ પણ રજુ કરેલા છે. જયારે પ્રતિવાદી નં.૨ નાએ આંક–૩૦ થી પોતાની લેખિત દલીલ રજુ કરેલી છે. આ કામના તમામ પક્ષકારો તર્ફે પોતાનું પક્ષનિવેદન, લેખિત દલીલ તથા જવાબ મુજબ હોવાની રજુઆત કરેલી છે.

(૪) હાલની અરજીનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે.?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીનાં લાભમાં છે.

(૩) શું વાદી પુરવાર કરે છે કે, જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનો સંભવ છે ?

(૪) શું પ્રતિવાદી નં.૨ નો પ્રથમદર્શનીય કેસ છે.?

(૫) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદી નં.૨ નાં લાભમાં છે.

(૬) શું પ્રતિવાદી નં.૨ પુરવાર કરે છે કે, જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો પ્રતિવાદી નં.૨ ને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનો સંભવ છે?

(૭) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

:૧: હકારમા.

:૨: હકારમા.

:૩: હકારમા.

:૪: હકારમા.

:૫: હકારમા.

:૬: હકારમા.

:૭: આખરીહુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

## <u>-: કા ર ણો :-</u>

<u>મુદ્દા નં. ૧ થી ૩ :-</u>

૫(૧) સદર અરજીનાં કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે સીધીરીતે કે આડકતરી રીતે સંકળાયેલા હોય સરળતા ખાતર તે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૫(૨) આ કામે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વંચાણે લેતાં તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં આ કામે એ હકિકત નિર્વિવાદ છે કે વાદવાળી મિલકત વડીલો પાર્જીત મિલકત છે. અને આ કામનાં તમામ પક્ષકારોનાં પિતા બળદેવભાઈ નરસિંહભાઈ તેમની માતા ચંચળબેન બળદેવભાઈની પ્રોપર્ટીમાં તેમનાં ભાગમાં આવેલ મિલકત મુળ નરસિંહભાઈ ગોવિંદભાઈની માલિકીની હતી તે મળેલી છે. અને જે હકિકતો આ કામનાં

બંને પક્ષકારોએ એડમીટેડ કરેલી છે. ત્યારે નિશાની ૩/૧ અને ૩/૨ ના સીટી સર્વેના મિલકત કાર્ડ જોતાં વાદવાળી મિલકત વડીલો પાર્જીત હોવાની હકિકત સ્પષ્ટ થાય છે. તથા આ કામે પ્રતિવાદી નં.૧ નાઓ વપરાશ કરતા હોવાનું તથા ભોંયતળીયાનાં ભાગમાં નવ રૂમોમાં પણ અન્ય ઈસમોને વપરાશ કરવા આપતા હોવાની હકિકત વાદી ધ્વારા જાહેર કરેલી છે ત્યારે વાદીને તેમાથી હિસ્સાની રકમ નહીં આપતા હોવાની રજુઆત કરેલી છે. જયારે પ્રતિવાદી નં.૨ નાએ પણ પોતાના હિસ્સાની રકમ પ્રતિવાદી નં.૧ નહીં આપતા હોવાની હકિકત જણાવેલી છે. આમ, વાદવાળી મિલકત વડીલો પાર્જીત હોવાની હકિકત સ્પષ્ટ થાય છે. અને પ્રતિવાદી નં.૧ તેમાં રહેલા રૂમો અન્ય વપરાશ કરવા માટે અન્ય વ્યકિતઓને દર મહિને વપરાશ કરવા માટે રકમ વસુલ કરી વાપવરા માટે આપતા હોવાનું તેમજ તેવી રકમ વસુલ કરતાં હોવાની હકિકત જણાવેલી છે. વધુમાં આ કામે વાદી ધ્વારા સોના–ચાંદીનાં દાગીનાની હકિકતો પણ જણાવવામાં આવેલી છે. પરંતુ તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા કે સ્પેશીફિક એવીડન્સ ધ્વારા કયાં અને કેવા પ્રકારનાં કેટલા દાગીના છે તે હાલનાં તબકકે સ્પષ્ટતા કરેલી નથી. વધુમાં તેઓએ શીડયુલ–બી માં જણાવ્યા મુજબ શેર સર્ટીફિકેટની વિગતો પણ જણાવેલી છે. અને તે બાબતે પણ કોઈ હાલનાં તબકકે સ્પષ્ટતા કરેલી નથી. જેથી હાલનાં તબકકે પક્ષકારો વચ્ચે વોર્ડ નં.૭ ના નોંધ નં.૭૨૦–અ/૧/ઈ/૧ તથા ૭૨૦–અ ની મિલકત મુજબ વડીલોપાર્જીત હોવાની હકિકત એડમીટેડ ફેકટ છે, ત્યારે તમામ પક્ષકારો હાલના તબકકે જોઈન્ટ / કોઓર્નર હોવાની હકિકત કહી શકાય તેમ છે. અને તેથી એક પક્ષકાર બીજા પક્ષકારનાં વપરાશમા અવરોધ ન કરી શકે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતો છે. જેથી આ કામનાં તમામ પક્ષકારોએ દાવામાં જણાવેલી સ્થાવર મિલકતની સ્થિતી દાવાનાં આખરી નિકાલ સુધી દાવાની તારીખથી જે પરિસ્થિતિમાં હોય તે જાળવી રાખવાથી આ કામનાં તમામ પક્ષકારોનો ન્યાયિક હકક, હિત જળવાય રહે તેમ હોવાનું અત્રેની કોર્ટ માને છે અને તેથી આ કામની હાલની વાદીની આંક–૫ ની અને પ્રતિવાદી નં.૨ ની આંક–૨૨ ની યથાવત પરિસ્થિતી જાળવી રાખવા બાબતની વિગતમાં ઉપરોકત તમામ મુદ્દાનો કે જેમાં આ કામમાં વાદી અને પ્રતિવાદી નં.૨ ની તરફેણમાં પ્રથમદર્શનીય કેસ, નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકસાન જવાનાં સંજોગો અને સગવડતાનું પલ્લુ તેઓની તરફેણમાં હોવાનું કહી શકાય તેમ છે તેવું મારૂ નમ્રપણે માનવું છે અને તેથી દાવાવાળી મિલકતનાં સંદર્ભમાં મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ નિવારવાનાં હેતુથી

પણ આ કામની વાદગ્રસ્ત ઉપરોકત સ્થાવર મિલકતની યથાવત પરિસ્થિતી રાખવી ન્યાયી અને વ્યાજબી હોવાનું અત્રેની કોર્ટ માને છે અને તેની મુદ્દા નં.૧ થી ૬ નો જવાબ હકારમાં આપી, ન્યાયનાં વિશાળ હિતમાં મુદ્દા નં.૭ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

## :: આખરી હુ ક મ ::

- વાદીની આંક–૫ તથા પ્રતિવાદી નં.૨ ની આંક–૨૨ ની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.
- આ કામનાં પ્રતિવાદી નં.૧ નાએ આ કામેની સ્થાવર મિલકત દાવાના આખરી નિકાલ સુધી યથાવત પરિસ્થિતીમાં એટલે કે વેચાણ, ગીરો, બક્ષીસનાં સંદર્ભમાં જાળવી રાખવી. તથા જો કોઈ પક્ષકાર કાયદાકીય પ્રકરણોનાં આધારે કોઈ વપરાશકારોને એટલે કે જુના બદલી નવા રાખતા હોય તો તે તેઓએ કન્ટીન્યુ રાખવું અને જે કારણે કોઈ રકમ જે પક્ષકાર વસુલ કરતા હોય, તો તે રકમ દાવાના આખરી નિકાલનાં તબકકે રકમ બાબતના હિસાબને આધિન અને તમામ પક્ષકારોનાં તે રકમ પરના હકક, અધિકાર, હિસ્સાને દાવાનાં આખરી નિકાલ વખતે જ નકકી કરવામાં આવશે, તેવી સ્પષ્ટતા સાથે હાલની વાદવાળી સ્થાવર મિલકતની તમામ પક્ષકારોએ જાળવણી કરવી.
- જયારે જંગમ મિલકતો બાબતે વાદી તથા પ્રતિવાદી નં.૨ ની માંગણી નામંજુર કરવામાં આવે છે.
- અરજીનો ખર્ચ દાવાનાં આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ રોજ તા. ૩૦ મી માહે, જુન, સને ૨૦૧૭ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૬/૨૦૧૭.
સુરત.

( પારસકુમાર વિનોદરાય ભટ્ટ )
૧૪ માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
સુરત.
UIC.(GJ00948)